પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૨૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૦-૦૯-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 24 PRICE :-RS. 1.50 DATE : 20-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

## રાજ્યમાં ૭૪ ટકા વરસાદ નોંધાયો : ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું

ગાંધીનગર,

ભારતના હવામાન ખાતાની આગાહી મુજબ, મધ્ય પ્રદેશમાં ભારે વરસાદ પડ્યો જે શનિવાર અને રવિવારે પણ યથાવત રહેશે. વધુમાં રાજસ્થાન અને ગુજરાતમાં ૧૮થી ૨૧ સપ્ટેમ્બર સુધી અતિભારે વરસાદ પડી શકે છે. તેમાં પણ ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છમાં છૂટા છવાયા વિસ્તારોમાં અતિભારે વરસાદની શક્યતા છે. હાલની



આગાહીના આધારે IMDએ શનિવારે યેલો ઓરેન્જ જાહેર કર્યું છે, જ્યારે રવિવારથી મંગળવાર સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વરસાદની વાતાવરણના કારણે તાપમાનનો પારો પણ નીચે ગગડશે.ગુજરાતમાં ૨૧ સપ્ટેમ્બર સુધી પંચમહાલ, મહિસાગર, ભરૂચ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, ભાવનગર, સુરત, વડોદરા નર્મદા, નવસારી અને તાપી જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ મુજબ, આ અઠવાડિયે બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર, ડિપ ડિપ્રેશનમાં ફેરવાયા બાદ હવે ફરીથી લો-પ્રેશરમાં ફેરવાયું છે. જે મધ્યપ્રદેશ પર છે. જે આગામી થોડા દિવસો સુધી મધ્ય ગુજરાત પર રહેશે અને ૪૮ કલાકમાં નબળું થતું જશે. જેના કારણે મધ્ય પ્રદેશ તથા તેના પાડોશી રાજ્યો ગુજરાત અને રાજસ્થાનમાં વરસાદની સંભાવના બની રહી છે. આ પાંચ દિવસ પડેલા ભારે વરસાદને પગલે ગુજરાતના અનેક જિલ્લાઓ હજુ પણ અસરગ્રસ્ત છે. તેમાં પણ સૌરાષ્ટ્રના રાજકોટ અને જામનગર સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદથી પૂર આવ્યું હતું. જેમાં અનેક ગામડાઓમાં પૂરના પાણીમાં લોકોની ઘરવખરી તથા પશુધનને નુકસાન પહોંચ્યું હતું. જેની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ મુલાકાત લીધી હતી.ગુજરાતમાં ચોમાસાની વર્તમાન સિઝનમાં ૨૪.૬૪ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૭૪.૫૧ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. ગુજરાતમાં હજુ પણ ૨૦ ટકા વરસાદની ઘટ જોવા મળી રહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૨૧ સપ્ટેમ્બર સુધી અનેક જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૦૧ તાલુકાઓમાં મેઘમહેર થઈ છે. જેમાં દાહોદ, સુરેન્દ્રનગર, ખેડા, અરવલ્લી, અમદાવાદ, સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો છે. જ્યારે આજે સવારે ૬ વાગ્યાથી લઈને આઠ વાગ્યા સુધીની સ્થિતિમાં ૬ તાલુકાઓમાં વરસાદ થયો છે. જેમાં નવસારી, વલસાડ અને પાટણ જિલ્લાના તાલુકાઓમાં વરસાદ ખાબક્યો છે. અમદાવાદ શહેર સહિત સરખેજ, સનાથલ, શાંતિપુરા અને બાકરોલમાં ધોધમાર વરસાદ પડ્યો છે.

## ગુજરાતમાં નવી સરકાર સ્કુલની ફીમાં રાહત આપશે કે નહિં ??

અમદાવાદ,

કોરોના કારણે પાછલું આખુ વર્ષ રાજયની સ્કૂલોમાં ઓફલાઈન શિક્ષણકાર્ય થયુ નથી, જેથી વાલીઓએ સંપૂર્ણ અથવા ૫૦ ટકા ફી માફ કરવાની માગ કરી હતી. પરંતુ રૂપાણી સરકારે વાલીઓને માત્ર ૨૫ ટકા જ રાહત આપી હતી. બીજી તરફ વાલીઓના ધંધા-રોજગાર છૂટી જતાં તેઓ આર્થિક કટોકટીમાં આવી ગયા હતા. નવા વર્ષ-૨૦૨૧-૨૨ના શૈક્ષણિક વર્ષમાં ખાનગી સ્કૂલોની ફીમાં વાલીઓને ૫૦ ટકા રાહત મળવી જોઈએ તેવી રાજ્યવ્યાપી માગ ઉઠી હતી.રાજ્યના જુદા જુદા વાલી મંડળોએ પણ અનેક વખત લેખિત રજૂઆત કરી હતી. વારંવાર રજૂઆતો થતાં સરકારે જાહેરાત કરી હતી કે, જ્યાં સુધી શાળાઓ શરૂ ના થાય ત્યાં સુધી પાછલા વર્ષે મળેલી રાહત યથાવત રહેશે. પરંતુ સંચાલકોનું દબાણ આવતાં શિક્ષણ વિભાગે આ અંગે લેખીત કોઈ



પરિપત્ર કર્યો જ નથી.આ અંગે વાલીઓનું કહેવું છે કે સ્કૂલો બંધ હતી ત્યારે એને થતા લાઈટબિલ, સ્ટેશનરી, ઘસારો સહિતના ખર્ચા ઘટ્યા છે, જેની સામે વાલીઓને નવા મોબાઈલ, ટેબ્લેટ, લેપટોપ, ઈન્ટરનેટ સહિતના ખર્ચા વધ્યા છે. ૨૫ ટકા ફી માફી તો ગયા વર્ષે પણ કરવામાં આવી હતી. તો આ વર્ષે ૫૦ ટકા ફી માફી કરવી જોઈએ, જેથી વાલીઓને રાહત મળે. હવે સ્કૂલો ખુલી છે પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યામાં હજી વધારો નથી થયો. જેથી સ્કૂલોના ખર્ચા પણ ઘટ્યા છે.ગત વર્ષે પણ ફી માફીની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ ઘણી સ્કૂલોએ ફી માફ કરી નહોતી. આ વર્ષે પણ ફી માફીની માત્ર જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણમંત્રીની જાહેરાત બાદ કોઈ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો નથી, જેથી સ્કૂલો દ્વારા પૂરી ફી વસૂલવામાં આવી રહી છે. સરકાર વાલીઓને લોલીપોપ આપી રહી છે, જ્યારે સંચાલકોને વહાલી થવા હજુ પરિપત્ર જાહેર કરતી નથી, જેનો ફાયદો સંચાલકો ઉઠાવી રહ્યા છે. એવું ગુજરાત વાલી એકતા મંડળ દ્વારા અગાઉ કહેવામાં આવ્યું હતું.કોરોના મહામારી દરમિયાન માર્ચ ૨૦૨૦થી સમગ્ર દેશમાં લૉકડાઉન લગાવવામાં આવ્યું હતું. આ દરમિયાન સૌથી મોટી અસર શિક્ષણ પર પડી હતી.સ્કૂલો કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરીને ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન રૂપાણી સરકારના શિક્ષણમંત્રીએ સ્કૂલ ફીમાં ૨૫ ટકાની રાહત આપવાની મૌખીક જાહેરાત કરી હતી. આ જાહેરાત સંદર્ભે લેખિત પરિપત્ર નહીં કરી તેને છેલ્લે સુધી લટકાવી રાખ્યો હતો. સરકાર અને સ્કૂલો સામે વાલીઓ ફીમાં રાહત મેળવવા રોષે ભરાયા હતાં. હવે નવી સરકાર કોઈ રાહત ભર્યો નિર્ણય કરશે તેવી વાલીઓને ફરી એક વાર આશા બંધાઈ છે.

## રિવરફ્રન્ટ પર વિસર્જન માટે સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

અમદાવાદ,

અમદાવાદ સાર્વજનિક ગણેશ મહોત્સવના પ્રમુખ ગણેશ ક્ષત્રિય એ ગણપતિના તમામ આયોજકોને અપીલ કરી છે કે ચાલુ વર્ષે કોરોનાની મહામારી વચ્ચે પણ સરકારે ગણેશ મહોત્સવ માટે મંજૂરી આપી છે. જ્યારે માટીના ગણપતિનું સ્થળ ઉપર જ પંચામૃતથી અભિષેક કરીને વિસર્જન કરવામાં આવે. આટલું જ નહીં જે પાણીમાં ગણપતિનું વિસર્જન કરવામાં આવે તેનો છંટકાવ ઘરમાં કરવો અને માટી કુંડામાં ભરીને તેમાં તુલસીનો કયારો વાવવો. માર્ચ ૨૦૨૦થી કોરોનાના કારણે લગ્ન, રાસ ગરબા સહિતના તમામ કાર્યક્રમો બંધ હોવાથી ડીજે વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની હાલત અત્યંત કફોડી બની હતી. પરંતુ ચાલુ વર્ષે રાજ્ય સરકારે ગણેશ મહોત્સવને મંજૂરી આપી હોવાથી ગણેશ વિસર્જનના સરઘસ માટે આયોજકોએ ડીજે બુક કરાવ્યા છે. જેના કારણે છેલ્લા દોઢ વર્ષથી સંપૂર્ણ બંધ રહેલા ડીજેના વ્યવસાયને જીવતદાન મળ્યું હોવાનું ડીજેના બિઝનેસ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે.ગણેશ મહોત્સવના છેલ્લા દિવસે શહેરમાં ૭૪૦ સાર્વજનિક ગણેશ સહિત નાના-મોટા મળી ૫૦ હજારથી વધુ મૂર્તિનું મ્યુનિ.એ બનાવેલા ૪૧ કુંડમાં



વિસર્જન કરવામાં આવશે. આ વર્ષે ૪ ફૂટથી મોટી મૂર્તિને મંજૂરી ન હોવા છતાં મ્યુનિ. વિવિધ સ્થળે ૨૨ ક્રેન મૂકશે. આ ઉપરાંત ૪૭ જેસીબી અને ૧૨૬ ડમ્પરની વ્યવસ્થા કરાઈ છે. વિસર્જન માટે ફાયર વિભાગના ૧૭૦થી વધુ કર્મચારી હાજર રહેશે. ચાલુ વર્ષે પોલીસે ગણેશ વિસર્જન માટે સરઘસની મંજૂરી આપી હોવાથી તકેદારીના ભાગરૂપે ૧૦ હજાર પોલીસ-સુરક્ષા કર્મચારી તહેનાત રહેશે. પોલીસે સાર્વજનિક ગણેશ વિસર્જનના સરઘસમાં માત્ર ૧૫ વ્યકિતને જોડાવવા માટેની મંજૂરી આપી છે. આટલું જ નહીં જો ગણેશોત્સવનું સ્થળ અને વિસર્જનનું સ્થળ જુદા જુદા ઝોનમાં આવતુ હોય તો વિસર્જન માટે પોલીસ કમિશનર કચેરીમાંથી મંજૂરી લેવી પડશે. જ્યારે ગણેશોત્સવનું સ્થળ અને વિસર્જનનું સ્થળ એક જ ઝોનમાં આવતું હોય તો સ્થાનિક પોલીસની મંજૂરી લેવી પડશે. જ્યારે ગણપતિ વિસર્જનના સરઘસમાં જોડાનારા ૧૫ માણસોના નામ - સરનામા - મોબાઈલ નંબર સહિતની માહિતી સ્થાનિક પોલીસને આપવી પડશે. અમદાવાદમાં ૨૦૦ જગ્યાએ સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે તમામ જગ્યાએ આયોજકોએ કોરોનાને ધ્યાનમાં રાખીને સરકારની ગાઈડલાઈનનું સારી રીતે પાલન કરાવ્યું હતું. જેથી અમદાવાદ સાર્વજનિક ગણેશ મહોત્સવ એસોસિએશન અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તમામ આયોજકોને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.




પાટનગર ગાંધીનગરમાં ચુંટણીઓ આવતા પક્ષપલ્ટો થવા લાગ્યો સારા કાર્યકર્તાઓ તેમજ જેમણે ટિકીટ ન મળતા ઉમેદવારો પોતાનો પક્ષ છોડીને અન્ય પક્ષોમાં જવાનું ચાલુ કર્યું એવામાં ગાંધીનગર મનપાની ચુંટણી પહેલા ૪૦થી વધુ ભાજપ અને કોંગ્રેસના આગેવાનોએ આમ આદમી પાર્ટીમાં જોડાયા.

### તાલિબાનોના વાહનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ ત્રણ વિસ્ફોટ થયા હતા

## અફઘાનિસ્તાનના નંગરહારમાં વિસ્ફોટમાં ૩નાં મોત

અફઘાનિસ્તાન,

અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ પછી સત્તા પર પાછા આવેલા તાલિબાનોએ ઉત્તરીય જવઝ્જન પ્રાંતના તેલા તાપા વિસ્તારમાં ૨,૦૦૦ વર્ષ જૂના બેક્ટ્રિયન ગોલ્ડનો ખજાનો શોધવા માટે અભિયાન શરૂ કર્યું છે. તાલિબાનના માહિતી અને સંસ્કૃતિ મંત્રાલયે કહ્યું કે તેમણે બેક્ટ્રિયન ખજાનાને ટ્રેક કરવા અને તેની ભાળ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા છે. બેક્ટ્રિયન ખજાનો બેક્ટ્રિયન ગોલ્ડ નામથી પણ ઓળખાય છે. ચાર દાયકા પહેલા શેરબર્ગન જિલ્લામાંથી આ ખજાનો શોધાયો હતો. ટોલો ન્યૂઝે તાલિબાનની વચગાળાની કેબિનેટના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપપ્રમુખ અહમદુલ્લા વાસિકને ટાંકીને કહ્યું કે તેમણે બેક્ટ્રિયન ખજાનો શોધવાના આદેશો આપી દીધા છે. આ ખજાનો અફઘાનિસ્તાનની બહાર લઈ જવાયો હશે તો તે દેશદ્રોહ ગણાશે. નેશનલ જ્યોગ્રાફિક મુજબ બેક્ટ્રિયન ખજાનમાં પ્રાચીન દુનિયાના હજારો સોનાના ટૂકડા હોય છે. ઈ.સ. પૂર્વેની પહેલી સદીથી લઈને ઈ.સ. સદી સુધીમાં ૭ કબરોમાં ૨૦,૦૦૦થી વધુ વસ્તુઓ મળી આવી હતી, જેમાં સોનાની વીંટી, સીક્કા, હથિયાર, ઝુમકા, બંગડીઓ, હાર, હથિયાર અને મુકુટનો સમાવેશ થાય છે. સોના ઉપરાંત તેમાં ફિરોઝા, કારેલિયન અને લેપિસ લાજુલી જેવા કિંમતી પથ્થરોનો પણ સમાવેશ થાય છે.અમેરિકન સંરક્ષણ મંત્રી લોઈડ



ઓસ્ટિને કાબુલમાં થયેલા ડ્રોન હુમલા માટે માફી માંગી હતી. તેમણે કહ્યું કે હું ડ્રોન હુમલામાં માર્યા ગયેલા લોકોના પીડિત પરિવાર પ્રત્યે મારી ગંભીર સંવેદના વ્યક્ત કરું છું. અમારી ભૂલ બદલ અમે માફી માગીએ છીએ અને આ ભયાનક ભૂલમાંથી બોધપાઠ શીખવાનો પ્રયાસ કરીશું.અફઘાનિસ્તાનના પૂર્વીય નંગરહાર પ્રાંતના પાટનગર જલાલાબાદમાં તાલિબાનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ ત્રણ વિસ્ફોટો થયા હતા, જેમાં ત્રણ લોકોના મોત નીપજ્યાં હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. બીજીબાજુ ગયા મહિનાના અંતમાં કાબુલ એરપોર્ટ પર થયેલા આતંકી હુમલાના હુમલાખોરોને મારવા માટે અમેરિકાએ કાબુલમાં કરેલા હવાઈ હુમલામાં ૧૦ લોકો માર્યા ગયા હતા. આ લોકો આતંકીઓ નહીં પરંતુ નાગરિકો હોવાની અમેરિકાએ કબૂલાત કરી હતી. અફઘાનિસ્તાનના નંગરહાર પ્રાંતના જલાલાબાદમાં તાલિબાનોના વાહનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ ત્રણ વિસ્ફોટ થયા હતા. આ હુમલાની હજુ સુધી કોઈએ જવાબદારી સ્વીકારી નથી, પરંતુ ઈસ્લામિક સ્ટેટે આ હુમલા કરાવ્યા હોવાનું મનાય છે. પૂર્વીય અફઘાનિસ્તાન ઈસ્લામિક સ્ટેટનો ગઢ છે અને તે તાલિબાન શાસકોના નવા દુશ્મન છે. આ હુમલામાં માર્યા ગયેલા લોકો અને ઈજાગ્રસ્તોમાં તાલિબાનના અધિકારીઓ છે કે નહીં તે સ્પષ્ટ થઈ શક્યું નથી. દરમિયાન કાબુલમાં પણ એક બોમ્બ વિસ્ફોટમાં બે લોકો ઘાયલ થયા હતા. કાબુલમાં બોમ્બ વિસ્ફોટ કોને નિશાન બનાવીને કરાયો હતો તે સ્પષ્ટ થઈ શક્યું નથી અને આ હુમલાની જવાબદારી પણ કોઈએ લીધી નથી. દરમિયાન કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલાના જવાબમાં અમેરિકાએ ૨૯મી ઑગસ્ટે કાબુલમાં એક ડ્રોન હુમલો કર્યો હતો. આ હુમલામાં કાબુલ એરપોર્ટ પર હુમલો કરનારા આઈએસ-ખોરાસનના આતંકીઓ માર્યા ગયા હોવાનો અમેરિકાએ દાવો કર્યો હતો. જોકે, હવે અમેરિકન સંરક્ષણ મંત્રાલયે પેટાગોને કબૂલ્યું હતું કે, કાબુલમાં ડ્રોન હુમલામાં માર્યા ગયેલા ૧૦ લોકો આતંકીઓ નહીં, પરંતુ નાગરિકો હતા અને તેમને આઈએસ-ખોરાસન સાથે કોઈ સંબંધ નથી તેમજ તેમનાથી અમેરિકન સૈન્યને કોઈ જોખમ નહોતું.

## દેશનું પહેલુ એવું રાજ્ય જ્યાં વિપક્ષ નહીં : તમામ દળો એક થયા

નવી દિલ્હી,

નાગાલેન્ડે દેશના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય જોડી દીધો છે. હવે ત્યાં વિપક્ષ રહિત સરકાર ચાલશે. રાજધાની કોહિમા ખાતે સર્વદળીય બેઠકમાં તેના પર અંતિમ મહોર લાગી હતી. સત્તા પક્ષ અને વિપક્ષે મળીને કામ કરવાનો નિર્ણય લીધો હતો. નાગાલેન્ડમાં વિપક્ષ રહિત સરકાર માટે સંયુક્ત લોકતાંત્રિક ગઠબંધન (UDA)નું નામકરણ થયું છે. એનડીપીપી, બીજેપી, એનપીએફ અને અપક્ષ ધારાસભ્યોના પાર્ટી નેતાઓ અને ધારાસભ્યોએ સર્વસંમતિથી આ નિર્ણય લીધો છે. નાગાલેન્ડ સરકારની પ્રવક્તા નીબા ક્રોનૂના કહેવા પ્રમાણે ધારાસભ્યો આગામી થોડા દિવસોમાં જ UDAના ગઠન માટે વિધાનસભા અધ્યક્ષને પત્ર લખશે. પહેલા એવી જાહેરાત કરવામાં આવી હતી કે, નવી સરકારને નાગાલેન્ડ સંયુક્ત સરકાર કહેવામાં આવશે પરંતુ ક્રોનૂના કહેવા પ્રમાણે શનિવારની બેઠક દરમિયાન એવું નક્કી કરવામાં આવ્યું કે, નવી સરકારનું નામ યુડીએ જ વધારે ઉપયુક્ત હશે. રાજકારણમાં સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચેનું ઘમસાણ એ સામાન્ય વાત છે પરંતુ




ભારતમાં હવે એક એવું પણ રાજ્ય છે જ્યાં વિપક્ષ વગર જ સરકાર ચાલશે. આ રાજ્ય દેશનું પૂર્વોત્તર નાગાલેન્ડ રાજ્ય છે. નાગાલેન્ડ દેશનું એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં વિપક્ષ વગર જ સરકાર ચાલશે. મોટા રાજકીય બદલાવના ક્રમમાં તમામ પાર્ટીઓએ એક સાથે મળીને સરકાર ચલાવવાનો નિર્ણય લીધો છે. નાગાલેન્ડ વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરનારા તમામ રાજકીય દળોએ કોહિમા ખાતે એક સર્વદળીય સરકારની રચનાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. આ સાથે જ સત્તા પક્ષ અને તમામ વિપક્ષી દળોએ હાથ મિલાવી લીધો છે. સદને સંકલ્પ લીધો હતો કે, નવી સરકાર સંયુક્ત લોકતાંત્રિક ગઠબંધન તરીકે ઓળખાશે. આ ગઠબંધનમાં ભારતીય જનતા પાર્ટી પણ સામેલ છે. હકીકતે નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયૂ રિયોની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વિપક્ષ રહિત સરકાર અપનાવવા માટેનો પ્રસ્તાવ સર્વસંમતિથી પાસ કરવામાં આવ્યો હતો.

## ૮૫% ક્ષમતા સાથે થઈ શકશે હવાઈ મુસાફરી : મંજૂરી આપી

નવી દિલ્હી,

દેશમાં જ્યારે કોરોનાના કેસ ચરમસીમાએ હતા ત્યારે હવાઈ યાત્રા પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ મુસાફરોની સંખ્યા તબક્કાવાર વધારવામાં આવી હતી. ગત વર્ષે મંત્રાલયે ૩૩ ટકા ક્ષમતા સાથે ફ્લાઈટ સંચાલનની મંજૂરી આપી હતી. આ વર્ષે એક જૂનથી ૫ જુલાઈ સુધી આ ક્ષમતાને ૫૦ ટકા કરવામાં આવી હતી. ત્યાર બાદ ૫ જુલાઈથી ૧૨ ઓગષ્ટ સુધી વધારીને ૬૫ ટકા કરવામાં આવી હતી. નવો આદેશ લાગુ થયો તે પહેલા મુસાફરોની ક્ષમતા ૭૨.૫ ટકા હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શનિવારે એરલાઈન્સ કંપનીઓ અને મુસાફરોને ભારે મોટી રાહત આપી હતી. હવેથી ૮૫ ટકા મુસાફરોની ક્ષમતા સાથે હવાઈ યાત્રા થઈ શકશે. કોરોનાના કેસમાં આવેલા ઘટાડા બાદ મંત્રાલય દ્વારા આ પ્રકારની છૂટ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પહેલા આ ક્ષમતા ૭૨.૫ ટકા હતી જેને વધારીને ૮૫ ટકા કરવામાં આવી છે. હકીકતે કોરોનાના કેસને ધ્યાનમાં રાખીને મંત્રાલયે ૧૨ ઓગષ્ટના રોજ આદેશ જાહેર કર્યો હતો. તે અંતર્ગત ૭૨.૫ ટકા ક્ષમતા સાથે હવાઈ યાત્રાની મંજૂરી આપવામાં આવી હતી. મંત્રાલયના કહેવા પ્રમાણે નવું સંશોધન આગામી આદેશ સુધી લાગુ રહેશે.

## ગુજરાતના દરિયામાંથી ઝડપાયું ૨૫૦ કરોડનું હેરોઈન

ગાંધીનગર,

થોડા દિવસ અગાઉ પણ કચ્છના મુન્દ્રાબંદર પરથી શંકાસ્પદ એવા કન્ટેનર્સની તપાસ કરતા માદક પદાર્થોનો જંગી જથ્થો ઝડપાયો હતો, જેમાં ૩૦૦૦ કરોડથી વધુના ડ્રગ્સનો પર્દાફાશ કરવામાં આવતા સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી હતી. છેલ્લા બે વર્ષથી સિરક્રીક વિસ્તારમાંથી નશીલા પદાર્થોના પેકેટ્સ મળ્યા છે મ્જીહ્લનાં જવાનો એ હસ્તગત કરેલા આ નશીલા પદાથીના પેકેટ્સ પાકિસ્તાનથી આવતા હોવાની પુષ્ટિ પણ કરી છે. કેટલાક પાકિસ્તાની માછીમારો દરિયામાં માછીમારીની આડમાં ભારતમાં અને ખાસ કરીને ગુજરાતના દરિયાઈ માર્ગેથી નશા જાળ બિછાવી રહ્યા છે.ગુજરાતમાં છ્જી અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ભારતીય જળસીમામાંથી ૫૦ કિલો હેરોઈન ઝડપી પાડ્યું છે અને હેરોઈન સાથે ૭ ઈરાની નાગરિકોની ધરપકડ કરી છે. ભારતીય જળસીમાં હેરોઈનની હેરાફેરી મામલે બાતમી મળતા પોલીસ તંત્ર સફાળું જાગ્યું હતું અને હેરોઈનની તસ્કરીનો પર્દાફાશ કર્યો છે. કોસ્ટગાર્ડની પકડમાં આવેલા તમામ નાગરિક ફિશીંગ બોટમાં હેરોઈનની હેરાફેરી કરતા હતાં. સૌથી અગત્યની વાત એ છે કે ગુજરાત છ્જી અને કોસ્ટગાર્ડે ઝડપેલા આ હેરોઈનની કિંમત કરોડો રૂપિયા હોવાનું મનાઈ રહ્યું છે આંતરાષ્ટ્રીય બજારમાં આ પ્રકારના ડ્રગ્સની કિંમત ૨૫૦ કરોડ હોવાનું જણાઈ રહ્યુંછે. અગાઉ પણ ભારતીય જળસીમામાં ગેરકાયદે ડ્રગ્સ ઘૂસાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે ત્યારે હવે વધુ ૫૦ હિલો હેરોઈન ઝડપી પાડવામાં આવ્યું છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. પી. શાહ

મુ. રતનપુરા, તા. કાલોલ

શહેરા નગરપાલિકા

જાહેર નિવિદા

ટેન્ડર નોટીસ નં.૦૭, વર્ષ ૨૦૨૧-૨૨

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દ્વારા ૧૫% વિવેકાધિન જોગવાઈ વર્ષ ૨૦૨૦–૨૧ની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં સી.સી. રસ્તાના કામે તથા ૧૫ % વિવેકાધિન જોગવાઈ વર્ષ ૨૦૨૧–૨૨ ની ગ્રાન્ટમાંથી સ્ટ્રીટ લાઈટના કામો માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ અનુક્રમે રૂા.૩,૦૭,૧૫૩.૦૦ તથા રૂા.૩૨,૭૫,૬૬૬.૦૦ છે.

ટેન્ડર તા.૨૮/૦૯/૨૦૨૧ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૦૪/૧૦/૨૦૨૧ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

(એસ.પી. પટેલ) ઈ.ચા.ચીફ ઓફીસર નગરપાલિકા શહેરા
(વી.જી. પંચાલ) કારોબારી અધ્યક્ષ નગરપાલિકા શહેરા
(યુ. એન. નાયકા) પ્રમુખ નગરપાલિકા શહેરા

માહિતી/ગોધરા/૫૧૬/૨૦૨૦

## કેન્દ્રનો આદેશ રાજ્યોને કોરોનાની ત્રીજી લહેર સામે તૈયારી રાખો

નવી દિલ્હી,

કોરોનાની ત્રીજી લહેર આવવાની આશંકા છે ત્યારે કેન્દ્ર સરકારે રાજ્યોને કહ્યું છે કે તહેવારોના સમયે કોરોના પ્રોટોકોલના અમલનું યોગ્ય રીતે પાલન થવું જોઈએ. સાથે જ ત્રીજી લહેરની દહેશતને પગલે દવાઓ અને જરૂરી સ્વાસ્થ્ય સેવાઓની પુરતી વ્યવસૃથા કરી લેવામાં આવે.ભારતમાં કોરોનાના નવા ૩૫,૬૬૨ કેસો સામે આવ્યા હતા. જ્યારે કોરોનાથી વધુ ૨૮૧ લોકોના મોત નિપજ્યા છે. અને કુલ મૃત્યુઆંક વધીને ૪.૪૪ લાખને પાર જતો રહ્યો છે. બીજી તરફ એક્ટિવ કેસો વધીને ૩.૪૦ લાખને પાર જતા રહ્યા છે. જ્યારે કોરોનાનો રીકવરી રેટ વધીને ૯૭.૬૫ ટકાએ પહોચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસોમાં ૧૫૮૩નો જ વધારો થયો છે જે અગાઉના દિવસો કરતા ઘણો જ ઓછો છે. બીજી તરફ દેશમાં કોરોનાની રસીના ૮૦ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. રવિવારે જ રસીના ૭૭.૨૫ લાખ ડોઝ આપવામાં આવ્યા હતા. માત્ર ૧૧ દિવસમાં જ રસીના ૧૦ કરોડ ડોઝ આપી દેવાયા છે. બીજી તરફ નિષ્ણાતોનું કહેવુ છે કે ભારતમાં હાલની સ્થિતિ મુજબ કોવિડ બૂસ્ટર આપવાની કોઈ જ જરૂર નથી. કેમ કે જે રસી આપવામાં આવી રહી છે તેની લોકો પર યોગ્ય અસર થઈ રહી છે અને તે કોરોનાથી રક્ષણ મેળવવા માટે હાલ પુરતી છે. હાલ તહેવારોનો સમય નજીક આવી રહ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા નગરમાં આન-બાન-શાન થી ગણેશ વિર્સજન યાત્રા યોજાઈ





તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

લુણાવાડા નગરમાં આજરોજ અનંત ચૌદશ એ દશ દિવસે ગણેશ વિર્સજન યાત્રા યોજવામાં આવી હતી. નગરમાં ગણેશ મંડળો દ્વારા સ્થાપિત કરાયેલ ૬૦ જેટલી નાની મોટી મૂર્તિઓનું કૃત્રિમ તળાવોમાં વિર્સજન કરવામાં આવ્યું.

લુણાવાડામાં આજરોજ દશ દિવસે ગણેશ વિર્સજન ચાત્રાને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. લુણાવાડા નગરમાં ગણેશ મંડળો દ્વારા ૬૦ જેટલી નાની મોટી મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી હતી. લુણાવાડા નગરમાં વહીવટી તંત્ર દ્વારા પરંપરાગત રૂટ ઉપર થી ગણેશ વિર્સજન ચાત્રા યોજવા દેવામાં આવી ન હતી. જેને લઈ ગણેશ મંડળોના આયોજકોમાં છુપો રોષ જોવા મળ્યો હતો. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કોરોના ગાઈડ લાઈનની ચુસ્ત અમલવારી વચ્ચે ગણેશજીની મૂર્તિ સાથે ૫૦ લોકો સાથે વિર્સજન કરવાની છુટ અપાઈ હતી. ડી.જે.ની પરવાનગી નહી આપતાં બેન્ડ અને નાસીક ઢોલ સાથે ગણેશ વિર્સજન યાત્રા યોજાઈ હતી. સ્થાનિક તંત્ર દ્વારા તૈયાર કરેલ કૃત્રિમ તળાવોમાં ગણેશજીની મૂર્તિઓનું વિર્સજન કરવામાં આવ્યું. ભકતો ગણપતિ બાપા મોરીયા.... પૂજ્યા વર્સી ... લવકરીયા અને અગલે બરસ જલ્દી આના નાદ સાથે ભાવભરી વિદાય આપી હતી.

સંતરામપુર નગરમાં દુધાળા દેવોની ભાવ ભાવ વિદાય સંતરામપુર નગરમાં શાંતિપૂર્વક માહોલમાં ગણેશ વિસર્જન કરવામાં આવેલો હતો. ૩૦ જેટલી મૂર્તિઓ કડાણા ડેમમાં વિસર્જન કરાયું હતું. જ્યારે સંતરામપુર નગરના ઘરમાં સ્થાપના કરી નાની મૂર્તિઓની સંતરામપુરના શીતળા માતાના તળાવમાં વિસર્જન કરવામાં આવેલું હતું. ચુસ્ત લોખંડી પોલીસ બંદોબસ્ત સાથે ગણેશ વિસર્જન કરવામાં આવેલું હતું. સંતરામપુરનો તમામ તંત્ર મામલતદાર પ્રાંત પોલીસ નગરપાલિકા ખડે પગે પોતાની જવાબદારી નિભાવીને સમાજના અગ્રણીઓ તમામ ભેગા મળીને દરેક વિસ્તારમાં અલગ અલગ ગણપતિ બાપ્પા મોરિયા નારાથી બાબા વિદાય આપવામાં આવી હતી.

## મહીસાગર જિલ્લા સંકલન સમિતિ ભાગ-૨ ની બેઠક અધિક નિવાસી કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઇ



લુણાવાડા,

મહિસાગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક અધિક નિવાસી કલેક્ટર આઇ.એ.સુથારના અદયક્ષસ્થાને જિલ્લા સેવા સદન કલેક્ટરની કચેરીના સભાખંડમાં યોજાઇ હતી.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર સુથારે જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. જેથી જનહિતને લગતા વીજળી, રસ્તા, પીવાના પાણી, સિંચાઈ, આરોગ્ય તેમજ શિક્ષણ વગેરે પ્રશ્નોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું જેને અધિક નિવાસી કલેક્ટરએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્રની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધીતોને જરૂરી સુચનો કર્યા હતા.

સાથે વિકાસ અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના એજન્ડા અન્વયે ૨૦૩૦ અંતર્ગત નિરંતર વિકાસના દયેચો (SDGs) ગોલ-૧૭ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે પ્રોજેક્ટ હોપ્સ અનાથ બાળકોના આવતીકાલના ઉજ્જ્વળ ભવિષ્યની ચિંતા કરતા જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારે હ્યુમન ફોર હોપ્સ (ઉમ્મીદનો માણસ) બનવા સૌને આવકારતા તે અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રાયોજના વહીવટદાર અને ઈન્ચાજ.ડીઆરડીએ ડાયરેક્ટર પાટીદાર, બાલાશિનોર પ્રાંત અધિકારી વિમલ ચૌધરી, સંતરામપુર પ્રાન્ત અધિકારી કૌશીક જાદવ તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા કણજાવ પંચાયતના સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત

લુણાવાડા,

કણજાવ પંચાયત પાછલા કેટલાય દિવસોથી ભ્રષ્ટાચારને લઈ વિવાદોમાં છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ઘરે ઘરે શૌચાલય યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ભારત સરકાર દ્વારા શૌચાલય બનાવી રહ્યા હતા. ત્યારે કણજાવ ગ્રામ પંચાયતમાં ગરીબ પરિવારોને ક્રુર મજાક ઉડાડવામાં આવી રહ્યો હોય તેમ માત્ર નામ ખાતર શૌચાલય યોજનાનો લાભ આપવામાં આવ્યો હોય તેમ પ્રથમ દ્રષ્ટિએ જોતા સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ હતુ. કેટલાંક શૌચાલયમાં ખાડા બનાવવામાં નથી આવ્યા તો કેટલાકમાં દરવાજાના મિજાગરા છુટા પડી ગયા તો કેટલાંકના દરવાજામાં કાટ બેસી સડી જવા પામ્યા છે. જયારે કેટલાંક શૌચાલયોમાં પ્લાસ્ટર નથી કર્યુ અને દિવાલો પણ તુટી જવા પામી છે. ત્યારે કેટલાંક શૌચાલયોમાં ખાડા નથી કર્યા અને વેઠ ઉતારી છે. ખાડામાં બે પથરા મુકી કચરો વાર્યો છે. તાલુકા પંચાયત ૧૪૦૦ અને તલાટી કમ મંત્રી ૧૦૦૦અને સરપંચ ૫૦૦ અને કોન્ટ્રાકટર ૧૦૦૦ રૂપિયા ટકાવારી લઈ મિલીભગતથી મોટાભાગના તકલાદી અને હલકી ગુણવત્તાવાળા શૌચાલય બનાવી પૈસા બનાવ્યા હોવાનો ગ્રામ પંચાયતના સભ્ય અને ગામના અન્ય લોકો દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો હતો ત્યારે તેવા સમયે ગ્રામ પંચાયતના ડે.સરપંચ સહિત પાંચ સભ્યો દ્વારા સરપંચ બારીયા ભરતભાઈના વિરોધમાં અવિશ્વાસની દરખાસ્ત લાવતા રાજકિય ભુકંપ સર્જાયો હતો.

## દારૂના નશામાં કાર ચલાવતા કોન્સ્ટેબલની કાર પલટી

ગાંધીનગર,

શહેરના કોટ વિસ્તારમાંથી પોલીસે ૮ જુગારીઓને જુગાર રમતા ઝડપ્યા હતા. પોલીસે જુગારધારા હેઠળ ગુનો પણ નોંધ્યો હતો. જોકે પોલીસે કડક કાર્યવાહી ન કરવાનું અને માર ના મારવાનું તેમજ જલદી છૂટા કરી દેવાનું કહી આઠેય પાસેથી કુલ ૩૫ હજાર પડાવી લીધા હતા. જોકે જુગારીઓએ બહાર આવીને અન્ય મિત્રોને વાત કરતાં ફરીથી મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો, જેના કારણે કેટલાક અસંતોષી પોલીસ કર્મચારીઓએ ઉચ્ચ અધિકારીઓને અરજી કરવાનું કહેતા કેટલાક જુગારીઓ તાણમાં આવી ગયા હતા, પરંતુ કોઈકે સલાહ આપી કે ભાઈ તમારી સામે પણ કેસ થયો હતો એટલે ફરિયાદ કરવા જતાં તમે ના ભરાઈ જાવ એ ધ્યાન રાખજો. આ સાંભળીને ડરના માર્યા આ જુગારીઓ હાલ પૂરતા તો ઠંડા પડી ગયા હોવાની ચર્ચા ચાલી રહી છે. પૂર્વની બોર્ડરમાં આવેલ એક પોલીસ સ્ટેશનમાંથી શહેરના મધ્યમાં એક પોલીસ સ્ટેશનમાં પીઆઈની બદલી કરી દેવામાં આવી છે. જોકે, પીઆઇને તેના વહીવટદારોને પોતાની સાથે લઈ જવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને આજીજી કરી હતી, જેમાં અધિકારીને પીઆઈએ કહ્યું કે, સાહેબ મારા આ બન્ને હોશિયાર રાઈટરોને મારી સાથે લાવવા છે તેમ કહીને બદલી કરાવીને દીધી હતી. જોકે, બન્ને રાઈટર નહીં પરંતુ ઔપીઆઈના વહીવટદાર હોવાનું પોલીસ બેડામાં ચર્ચાઇ રહ્યું છે. બંને વહીવટદાર પીઆઈના મોટાભાગના બે નંબરના કામ આસાનાથી સંભાળી લે છે. આથી તેમને બંને પર પોતાના કરતાં પણ વધારે વિશ્વાસ હોવાનું પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યું છે. હવે નવા સ્થળે પણ બંને કેટલા ઉપયોગી બનશે તે તો સમય જ બતાવશે.શહેરમાં નદી પાસે આવેલા એક પોલીસ સ્ટેશનના પીઆઇ થોડા દિવસથી ઉદાસ જોવા મળતા હતા, કારણ કે પીઆઈના ખાસ ગણાતા એક કોન્સ્ટેબલનો બે મહિના સુધીનો વિરહ રહેવાનો છે. આ કોન્સ્ટેબલ જ અધિકારીનો વહીવટદાર છે. તેમની તમામ પ્રકારની સેવા તે કરતો હતો, જેમાંથી કેટલાક કામ તો આ કોન્સ્ટેબલ સિવાય અન્ય કોઈને પીઆઈ જાણ કરતા પણ નહી. કોન્સ્ટેબલ અને એક પીએસઆઇ તપાસ કરવા માટે અન્ય રાજ્યમાં ઈનોવા લઈને ગયા હતા, પરંતુ કાર કોઈ કારણસર પલટી ખાઇ ગઈ હતી. પીએસઆઈએ તો સીટ બેલ્ટ પહેર્યો હોવાથી ખાસ ઈજા નથી થઈ, પણ કોન્સ્ટેબલને મણકાના ભાગે ગંભીર ઈજા થતાં બે મહિનાનો ખાટલો આવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કોન્સ્ટેબલ દારૂનો નશો કરીને કાર ચલાવતો હોવાથી કાર પલટી ખાઈ ગઈ હતી. શહેરના પ્રિમ અને પૂર્વ વિસ્તારમાં ફરજ બજાવી ચૂકેલા એક પીઆઇને થોડા સમય પહેલાં કામગીરી સારી ન હોવાના કારણે સૌરાષ્ટ્રમાં બદલી કરી હતી. જો કે, પીઆઈ અમદાવાદમાં હતા ત્યારે તે સમયના મંત્રીના સંપર્કમાં રહીને આગળ પાછળ ફરતા હતા. બાદમાં પીઆઈને પૂર્વ વિસ્તારમાં એક સારા પોલીસ સ્ટેશનમાં બદલી થતાં તેમને એક નહીં ત્રણ વહીવટદારો રાખ્યા હતા. જો કે, ઔપ્રિમમાં રહેલ વહીવટદારને તેમની સાથે પૂર્વમાં લઈ ગયા હતા. ત્યાં પણ ક્રાઈમ રેટનો ગ્રાફ વધતા ડીજીપીએ પીઆઈની અમદાવાદ બહાર બદલી કરી હતી. જો કે, સૌરાષ્ટ્રમાં ફરજ હોવા છતાં પીઆઇ રાજકીય વ્યકિતને મહિનામાં ચાર વખત મળવા આવતા અને સારા પોસ્ટિંગ માટેની આજીજી કરતા હતા. અંતે રાજકીય વગના લીધે પીઆઈને રાજ્યની જીસ્ઝ્રમાં બદલી કરી દેતા પ્રિમ વિસ્તારનો એક પોલીસ કોસ્ટેબલ રાજીનો રેડ થઇ જતાં હવે મારા સાહેબ મોટી એજન્સીમાં હોવાથી હું ઈચ્છું ત્યાં રેડ કરાવી દઈશ તેવી શેખી મારતા પોલીસ બેડામાં ચર્ચાઇ રહ્યું છે.

## મહીસાગરના ખેડૂતે દેશી ગાય આધારિત કેળાની પ્રાકૃતિક ખેતી થી આરોગ્યપ્રદ વેફસ્ર બનાવી



લુણાવાડા,

મહીસાગર જિલ્લાનાં લુણાવાડા તાલુકાના નવામુવાડા ગામનાં પ્રગતિશીલ ખેડૂત ડાહ્યાભાઇ હિરાભાઈ પટેલ ખેત વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓએ મુલ્યવર્ધીત ખેતી પાકો થકી સાચા અર્થમાં આવક બમણી કરીને ઓછી જમીનમાં સારી આવક મેળવીને ગામમાં તેમજ આસપાસના ખેડુતો માટે નવો રાહ ચીંધ્યો છે. પોતાની ૪૦ ગુંઠા જમીનમાં આત્મા પ્રોજેક્ટના તાલીમ અને માર્ગદર્શન થકી બાગાયત પાકની વૈજ્ઞાનિક પદ્ધતિ થી ખેતી કરી આર્થિક સધ્ધરતા સાથે સફળતાના સોપાન સર કર્યા છે.

આ ઉત્સાહી પ્રગતિશીલ ખેડૂત પોતાની ડાંગર, મકાઇની પરંપરાગત ખેતીની સાથો સાથ તેઓ બાગાયત પાકની આધુનિક ખેતી તરફ વળ્યાં છે. ડાહ્યાભાઇ પટેલ આત્મા પ્રોજેક્ટમાં જોડાઇ માર્ગદર્શન મેળવ્યું. અગાઉ તેઓ જૂની પદ્ધતિ થી પરંપરાગત ખેતી કરતા હતા. તેઓ સારી ઉચ્ચ ગુણવત્તા વાળું બિયારણ લાવવામાં ધ્યાન રાખતા ન હતા તેથી ખેતી ખર્ચના વધારા સાથે ઉત્પાદન પણ ઓછુ મળતું હતું. તેઓએ આત્મા પ્રોજેક્ટમાં તાલીમ મેળવી ખેતીલક્ષી વિવિધ જાણકારી મેળવી વૈજ્ઞાનિક પદ્ધતિ થી બાગાયત પાકની ખેતી કરવાની પ્રેરણાં મળી.

તો વાત કરવી છે નવામુવાડા ગામના નવતર અભિગમ અપનાવતાં ખેડુત એવા ડાહ્યાભાઇ પટેલની જે ખરા અર્થે નિખાલસ અને સ્વભાવે સેવાભાવી તો ખરા જ સાથે સાથે ખેતીમાં જાત-જાતના પ્રયોગો કરીને આજે એ કેળા પાકની વૈજ્ઞાનિક ખેતી કરી રહ્યા છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા જ્યારે ખેતીને લગતી તાલીમ તેમના ગામે રાખવામાં આવી ત્યારે તેઓ તાલીમમાં હાજર રહીને બાગાયતી પાકોને લગતી માહિતી મેળવી, તેમા એમણે કેળાની ખેતી કરવાનો નિર્ણય કર્યો આ વિસ્તારને લગતો તદ્દન નવા પાકની માહીતી માર્ગદર્શન મેળવીને કેળાની ખેતીની શરૂઆત કરી.

ડાહ્યાભાઇ પટેલ જણાવે છે કે કેળા પાકની બાગાયત ખેતીમાં શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓને બાદ કરતા મને કેળા પાકની ખેતીમાં ફાવટ આવી ગઇ. સાથે આત્મા પ્રોજેક્ટ યોજનાની દેશી ગાય નિભાવ ખર્ચ યોજનાનો લાભ લઇને કેળામાં પ્રાકૃતિક ખેતી જીવામૃતનો ઉપયોગ શરૂ કર્યો. તાલીમમાં મેળવેલ માર્ગદર્શન થકી મે મુલ્યવર્ધનના ભાગ રૂપે કેળાની વેફર્સ બનાવવા માટેનુ મશીન વસાવીને શરૂઆત કરી ૫ કિલો કેળા માંથી ૧ કિલો જેટલી આરોગ્યપ્રદ વેફસ્ર બને છે અને આજે હું રૂપિયા બસોના ભાવે એક કિલો પ્રમાણે બજારમાં વેચાણ કરૂં છું. તેમજ કેળાનુ ગ્રેડીંગ કરીને લોકલ માર્કેટ્માં રૂપિયા બસોના એક મણના હિસાબે વેચાણ થાય છે. મે આ પ્રકારની ખેતીમાં એક હેક્ટરમાં સાડા ત્રણ લાખ રૂપિયાની આવક મેળવી છે. આસપાસના વિસ્તારના ખેડુતો પણ આ અંગે માર્ગદર્શન મેળવીને આ પ્રકારની ખેતીની શરૂઆત કરી છે. એમના મત મુજબ આ વિસ્તારમાં આ પ્રકારની ખેતી વધે તો મોટુ માર્કેટ મળી શકે અને ખેડુતોને સારી આવક મળી રહે.

ડાહ્યાભાઇ પટેલની આધુનિક બાગાયત પાક કેળાની ખેતી પદ્ધતિની કામગીરી જોઈ તેમના ગામના તથા અન્ય ગામના ખેડુતો પણ આવી વૈજ્ઞાનિક ખેત પદ્ધતિથી કેળાની ખેતી કરવા તેમજ મુલ્યવર્ધીત ખેતી પાકો તરફ માટે પ્રેરણા મળી છે. જે આગામી સમયમાં પ્રેરક આશીર્વાદ સમાન સાબિત થશે.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત લુણાવાડા ખાતે ફીટ ઈન્ડિયા ફ્રીડમ અંતર્ગત યોજાયેલ ૨૦૦ મીટરની દોડ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

ભારતની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં આઝાદી અમૃત મહોત્સવ અંતર્ગત નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા ફિટ ઈન્ડિયા ફ્રીડમ અંતર્ગત આજે મહીસાગર જિલ્લા સેવા સદન લુણાવાડા ખાતેથી ૨૦૦મીટરની દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે લુણાવાડાના ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક અને જિલ્લા કલેકટર ડો.મનીષકુમારે યુવાનોને ફિટનેસનો મંત્ર આપી ફિટનેસને પ્રાધાન્ય આપી નિયમિત જીવનમાં ઉતારવા અપીલ કરી હતી.

આ ફિટ ઈન્ડિયા ફ્રીડમ ૨૦૦ મીટર દોડમાં સામેલ ૧૨૦થી વધુ યુવા વિદ્યાર્થીઓને દોડ માટે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ દોડ દરમિયાન ‘‘ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ’’નો નારો સમગ્ર વાતાવરણમાં ગુંજ્યો હતો. આ દોડના કાર્યક્રમમાં હોમગાર્ડ ક્માન્ડર ભૂમિરાજસિહ સોલંકી અને નહેરૂ યુવા કેન્દ્રના નિવૃત્ત ડાયરેકટર શિવદાયાલજી શર્માએ યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ દોડ બાદ દોડમાં સામેલ વિદ્યાર્થીઓ પૈકી વિજેતા બનેલ વિદ્યાર્થીઓને જિલ્લા કલેકટર ડો. મનિષકુમારના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ દોડમાં એન.સી.સી કોચ આઇ.વી ડામોર, મહીસાગર ફીઝીક્લ એકેડમીના રવિભાઈ ધોબીએ વિશેષ સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન નહેરૂ યુવા કેન્દ્રના જિલ્લા અધિકારી વિઠ્ઠલ ચારમોલે કાર્યક્રમના પ્રારંભે સૌનું ઉષ્માસભર સ્વાગત અને સહ અધિકારી અનિતાબેન વર્માએ આભાર દર્શન કર્યું હતું. વોલન્ટિયર તરીકે હિમાંશુ ત્રિવેદી, કિરણ ચૌધરી, ઉર્વશીબેને આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## વિરપુરમાં ભારે વરસાદને લઈ બે મકાનો ધરાશાઈ

વિરપુર,

વિરપુર તાલુકામાં સાર્વત્રિક મેઘ મહેર થતાં ઠેર ઠેર જળબંબાકરની સ્થિતિ સર્જાઈ હતી. જેને લઈ વિરપુર પંથકના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રહિશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેમાં મુકેશ્વર મહાદેવ મંદિરથી સી.એમ.દેસાઈ હાઈસ્કુલ રોડ પાસે માલવાહન રિક્ષા પાણીમાં ગરકાવ થઈ હતી. તાલુકામાં બે કલાકમાં ૨.૬ ઈંચી વરસાદ ખાબકતા ખેતરોમાં જળબંબાકર થઈ ગયો હતો. જયારે વરસાદના કારણે તાલુકામાં બે જગ્યાએ રહેણાંક મકાનો ધરાશાઈ થયા હતા. જેમાં તાલુકાના સરાડીયા ગ્રામ પંચાયતમાં આવેલા ચાસકુવાના સોલંકી સનાભાઈ ગલાભાઈ તેમજ રાજપુર ગ્રામ પંચાયતમાં આવેલ નવા મુવાડાના ઉદાભાઈ નાનાભાઈ બારીયાના રહેણાંક મકાન પડતા ભારે નુકસાન થયુ હોવાનુ જાણવા મળ્યુ હતુ. ત્યારે હાલ તો સ્થાનિક તલાટી દ્વારા સર્વે કરી વિગતો મોકલી આપી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં દશમાં દિવસે ગણેશજીની સ્થાપિત મૂર્તિઓને ભાવભરી વિદાય

દાહોદ,

ગણપત બાપ્પા મોરીયા અગલે બરસ તું જલ્દી આ...ના નાદથી સમગ્ર દાહોદ, ફતેપુરા, સંજેલી શહેરોનું વાતાવરણ આજે ગુંજી ઉઠ્યું હતું. છેલ્લા દશ દિવસનું આતિથ્ય માણ્યા બાદ દુંદાળા દેવ ભગવાન ગણપતિએ દાહોદ શહેર સહિત જિલ્લામાંથી ભાવભીની વિદાય લીધી હતી. ગણેશ ભક્તો દ્વારા ગણપતિને વાજતે ગાજતે, ઢોલ નગારાના નાદે આવતા વર્ષના પુનઃ આગમન સાથે ભગવાન ગણપતિ દાદાને વિદાય આપી હતી. દાહોદ શહેરના ઝાબ તળાવ ખાતે વિસર્જન માટે પ્રતિબંધ હોવાને કારણે ગણેશ મંડળો દ્વારા પોતાના વિસ્તારામાં નજીકમાં આવેલ જળાશયોમાં


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગણપતિની પ્રતિમાને વિસજીર્ત કરી હતી. તેમજ સંજેલીના પુષ્પસાગર તળાવ અને સમુદ્ર તળાવ ખાતે પણ પ્રતિમાનું ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપુર્ણ માહોલમાં ગણેશ વિસર્જન થયું હતું. ડી.જે. જેવા મ્યુઝીક સિસ્ટમો પર આ


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

વર્ષે પણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. લગભગ તેનું કારણ એ છે કે, હાલ કોરોના મહામારીના સમયે લોકોની મોટી સંખ્યામાં ભીડ એકઠી ન થાય જેના કારણે કોરોના સામે સાવચેતીના ભાગરૂપે ડી.જે. જેવા સિસ્ટમો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. બીજી તરફ આજે ગણપતિ દાદાના વિસર્જન ટાણે પણ ડી.જે. સિસ્ટમો ઉપર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો હતો. ગણેશ મંડળો દ્વારા ઢોલ નગારાના તાલે ગણપતિ દાદાને ભાવભીની વિદાય


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

આપી હતી. મોટા ગણેશ મંડળોમાં ૧૫ થી વધુ વ્યક્તિઓને પરવાનગી આપવામાં આવી ન હતી ત્યારે ઘરે ઘરે બિરાજમાન ગણપતિ દાદાને લોકો ઘરમાંજ વિસર્જન કર્યાં હતાં. દાહોદ શહેરના ઝાબ તળાવને છોડી નજીકમાં આવેલ, કાળીડેમ, સંગમ નદી, મુવાલીયા જળાશય તેમજ આસપાસના નાના તળાવો તેમજ જળાશયોમાં મોટા ગણેશ મંડળો દ્વારા પોત પોતાના ગણેશજીની પ્રતિમાને વિસજીર્ત કર્યાં હતાં. દાહોદ શહેરમાં ઠેર ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ નજરે પડ્યો હતો. એક તરફ ગણપતિ દાદાનું વિસર્જન અને બીજી તરફ વરસાદી માહૌલ વચ્ચે ગણપતિ દાદાએ વિદાય લીધી હતી.

# દાહોદ જીલ્લો કોરોનાથી હેમખેમ ઉગરી ચુકયો અને હવે શૂન્ય રોગચાળાઓને હવાલે

દે.બારીયા,

દાહોદ જીલ્લો ૮૦ ટકા આદિવાસી વસ્તી ધરાવતો મદયપ્રદેશની સીમા ઉપર અતિ મહત્વનો આદિવાસી વસ્તી ધરાવતો જીલ્લો ગણાય છે. દાહોદ શહેર તથા તેના તાલુકામાં છે. દે.બારીયા તાલુકો જીલ્લાનો મોડેલ તાલુકો ગણાય છે. જીલ્લામાના અંદરન વિસ્તારોમાં ડેન્ગ્યુ, ચિકનગુણીયા, ટાઈફોઈડ, ઝાડા–ઉલ્ટી, કમળાના વાવળ સાથે પાણીજન્ય રોગચાળાના દર્દીઓની ભરમાળ ખાનગી હોસ્પિટલોમાં ઉભરાય છે. જેટલા પણ છે. બારીયા શહેરમાં ખાનગી હોસ્પિટલો છે. તે તબીબોને ખાવાનો ટાઈમ મળતો નથી. ડૉકટરોના ધંધામાં તેજી છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી અનુસાર શહેરમાં દુષિત અને ડ્રેનેજ મિશ્રીત પાણીની સમસ્યા જયાંની ત્યાંજ છે. તેનું નિરાકરણ લાવવા માટે નગર પાલિકા તંત્ર તરફથી કોઈપણ પ્રયાસ કરવામાં આવતા નથી. ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુણીયા, તાવ, ઝાડા–ઉલ્ટી વગેરે પાણીજન્ય રોગચાળો વકર્યો છે. દાહોદ તથા દે.બારીયા શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓમાં નાના બાળકો થી મોટા વ્યકિતઓને ડેન્ગ્યુ જેવા ભયંકર રોગમાં સપડાયા છે. દે.બારીયાના સરકારી હોસ્પિટલમાં જે સારવાર મળવી જોઈએ. તેવી સારવાર આપવામાં આવતી નથી. જે વ્યકિતનો જેટલો સારો જેક હોય તેવા દર્દીને સારી અને વી.આઈ.પી. સારવાર મળતી હોય છે. ગુજરાતની સરકાર ગરીબો માટે સ્વાસ્થ્ય પાછળ લાખોની ગ્રાંટ ફાળવે છે. જે ગરીબો પાછળ વાપરવામાં આવતી નથી. લાખોના બીલો બનાવીને કોઈ પણજાતની ટેન્ડરનું જાહેરનામું બહાર પાડ્યા વગર સ્થાનિક મળતીયાઓના નામે બીલો પાસ કરાવી લેવાતા હોય છે. તેવી અંદરો અંદર ચર્ચાઓ થઈ રહી છે. હમણાં નવા વ્યકિત મા વાત્સલ્ય કાર્ડ બનાવવનાર તે પણ કાર્ડ દીઠ રૂા.૭૦/– વસુલે છે. તે કોની રહેમ નજરે અને મા કાર્ડ બનાવી આપતો નથી. એક–બે માસના મા કાર્ડ અપડેટ થયેલા આપ્યા નથી. આના પાછળ કયા તથ્યો કાર્ય કરી રહ્યા છે. તે તપાસનો વિષય છે. આ મા વાત્સલ્ય કાર્ડ બનાવવામાં આદિવાસી તથા ગરીબ વ્યકિતઓને લુંટાતા કોણ રોકશે તે યક્ષ પ્રશ્ન છે. કઈ કઈ શરતો રાખીને મંજુર કરી છે. સીધા રૂા.૭૦/– વસુલવાનો પરવાનો કોણે આપ્યો છે. તે માટે જીલ્લાના અધિકારીઓ તપાસ સ્થળે આવી કરશે કે પછી જેવું ચાલે છે. તેવું ચાલવા દો ની નીતિ આપનાવી પદના અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં છે.

# દાહોદ કોંગ્રેસ સમિતિ દ્વારા સંયોજક કાર્યક્રમનું આયોજન કર્યું

દાહોદ,

દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ દાહોદ શહેરમાં સંયોજક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રદેશ પ્રમુખ દ્વારા ભાજપની સરકાર સામે અનેક પ્રહાર કર્યા હતા અને ભાજપની નીતિ સામે વિરોધ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં કોંગ્રેસ સમિતિના આગેવાનો, કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા દ્વારા આજરોજ સંયોજક સંવાદ કાર્યક્રમ અંતર્ગત જણાવ્યા અનુસાર,


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તેઓએ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, દેશના સમગ્ર લોકો આજે ભારતીય જનતા પાર્ટીના શાસનથી હેરાન પરેશાન છે, સરકારના અણઘડ વહીવટ અને નિષ્ફળતાના કારણે ગુનાહિત બેદરકારીના કારણે કોરોના કાળ દરમિયાન ત્રણ લાખ કરતાં વધારે લોકો ના મોત નિપજ્યા છે. લોકો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે. મોંઘવારી મુદ્દે પણ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, અસહ્ય મોંઘવારીને કારણે ગરીબ તેમજ મધ્યમ વર્ગનો લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને તેઓને પોતાની આજીવિકા ચલાવવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખેડૂતોને લઈને પણ ભાજપ સરકાર સામે આક્ષેપો કરવામાં આવ્યા હતા અને જણાવ્યું હતું કે, ખેડૂતો આત્મહત્યા કરવા મજબૂર બન્યા છે. અપહરણ, બળાત્કાર, હત્યા જેવા બનાવો પણ વધી રહ્યા છે. ગુજરાતમાં ખુલ્લેઆમ કાયદો અને પરિસ્થિતિ કથળી ગઈ છે. ખુલ્લેઆમ દારૂ જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. સમાજના તમામ વર્ગના લોકો માટે જીવન કેવી રીતે જીવવું તે માટે સંઘર્ષ કરી રહ્યા છે જે માટે દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ સંયોજક સંવાદ કાર્યક્રમના માધ્યમથી ઝાલોદ તાલુકામાંથી પસાર થતો મુંબઈ નેશનલ કોરિડોર હાઈવેનો પણ કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ખેડૂતોની જમીનો હડપ કરવામાં આવી રહી હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા. દાહોદ સ્માર્ટ સિટી મામલે પણ મુદ્દો ઉઠાવ્યો હતો અને જેમાં જણાવ્યું હતું કે, દાહોદ શહેરમાં સ્માર્ટ સિટીના નામે કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે તેની સામે પણ લોક જાગૃતિ આવે, ખેડૂતોના પ્રશ્નો અને વિદ્યાર્થીઓના પ્રશ્નો, શિક્ષણ અને આરોગ્યના પ્રશ્નો તે તમામ દાહોદ જિલ્લાના લોકોની જે સમસ્યા છે તેને વાચા આપવાનું કામ આવનારા સમયમાં કોંગ્રેસના સંયોજકો, કોંગ્રેસના કાર્યકરો ઘરે ઘરે પહોંચીને કરશે તેમ જણાવ્યું હતું.

## ગરબાડાના ઘોડાસરની સગીરાનું ત્રણ મહિલા સહિત પાંચ વ્યકિતએ અપહરણ કરી સગીરા સાથે દુષ્કર્મ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ઘોડાસર ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને ત્રણ મહિલાઓ સહિત પાંચ જણાએ સગીરાના ઘરેથી સગીરાનું અપહરણ કરી લઈ જઈ બે ઈસમોએ જુદી જુદી જગ્યાએ સગીરાને ગોંધી રાખી બંન્ને ઈસમોએ અલગ અલગ સમયે સગીરાની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાંનું જાણવા મળે છે.

ગત તા.૧૦મી મેના રોજ ધાનપુર તાલુકાના પીપોદરા ગામે અને દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે રહેતાં અરવિંદભાઈ મણીયાભાઈ હજારીયા, અલ્પાબેન અરવિંદભાઈ મણીયાભાઈ હજારીયા, સુરજબેન મણીયાભાઈ હજારીયા, કલાબેન ગોવિંદભાઈ મણીયાભાઈ હજારીયાએ ઘોડાઝર ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાના ઘરે જઈ સગીરાને ધાકધમકી આપી હતી અને બળજરીપુર્વક મોંઢે ઓઢણીથી સગીરાનું મોઢું બાંધી દબાવી દીધી હતી અને સગીરાનું અપહરણ કરી લઈ નાસી ગયાં હતાં. સગીરાને પીપદરા ગામે લઈ જઈ ત્યાં સગીરાને ગોંધી રાખી મારી નાંખવાની ધમકી આપી અરવિંદભાઈ મણીયાભાઈ હજારીયાએ સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. ત્રણ દિવસ બાદ દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે રહેતાં રાજેશભાઈ દિપસીંગભાઈ પટેલને ત્યાં સગીરાને સોંપી દીધી હતી.જ્યાં રાજેશભાઈએ પોતાના ઘરે લઈ જઈ જ્યાં સગીરાને પોતાની પત્નિ તરીકે રાખવા સારૂં પોતાના ઘરે તેમજ અસાયડી ગામે પોતાના મામાને ત્યાં સગીરાને અલગ અલગ સમયે જઈ અને ગોંધી રાખ્યાં બાદ રાજેશભાઈએ પોતાના ઘરે અને પોતાના મામાના અસાયડી ગામે સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. આવા અસહ્ય ત્રાસ અને બળાત્કારનો ભોગ બનેલ સગીરા મહિનાનો ત્રાસથી અને ઉપરોક્ત ઈસમોના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનો પાસે આવી ઉપરોક્ત હકીકત જણાવતાં સગીરાના પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને ગતરોજ સગીરાને લઈ ધાનપુર પોલીસ મથકે આવી સગીરા દ્વારા ઉપરોક્ત ત્રણ મહિલા સહિત પાંચેય ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે પાંચેય જણા વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરી છે.

## દાહોદ તાલુકા શિક્ષણ સંઘ દ્વારા જુની પેન્શન યોજના ચાલુ રાખવા ધારાસભ્યને આવેદન આપ્યું



દાહોદ,

દાહોદ તાલુકાના શિક્ષણ સંઘ દ્વારા જુની પેન્સન યોજના ચાલુ રાખવા સહિતની માગો સાથે ધારાસભ્ય વજેસિંહ પણદાને આવેદનપત્ર આપવા આવ્યું. વાત કરીએ તો હાલ જે કાર્યક્રમ યોજાયો હતો. તેમાં તાલુકાશાળા એ તમામ શિક્ષકસંઘ ના સભ્યો છે તેઓ હાજર રહ્યા હતા અને હસમુખભાઈની આગેવાનીમાં આજે કાર્યક્રમ યોજાયો હતો. તે સહીતની રેલી સ્વરૂપે તેઓ દાહોદના વિશ્રામગૃહ ખાતે પહોંચીયા હતા અને ત્યાં ધારાસભ્ય વજેસિંહ પણદા તેમજ ગરબાડાના ધારાસભ્ય ચંદ્રીકાબેન સહિત જે હોદેદારો હતા તેમને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને આવેદનપત્રના મતે હાલ જે નવી પેન્શન યોજના બંધ કરી જુની પેન્શન યોજના ચાલુ કરવાના બાબતે તેઓએ માંગ કરી હતી. તેઓ દ્વારા હાલ જે આવેદનપત્ર દ્વારા ૦૧.૦૪.૨૦૦૫ ની નવી પેન્શન યોજનાનો અમલ કરવામાં આવી રહયો છે. ત્યારે ૦૧/૦૪/૨૦૦૫ પહેલા નોકરીમાં જોડાયેલા શિક્ષકો જુની પેન્શન યોજના મેળવવા માટેના હકદાર છે પરંતુ ૦૧/૦૪/૨૦૦૫ પછી સેવામાં જોડાયેલા શિક્ષકોને જુની પેન્શન યોજનાનો લાભ મેળવો જોઈએ ૩૦ થી ૩૫ વર્ષ નોકરી પુર્ણ કરી જ્યારે શિક્ષક નિવૃત્ત થાય છે. ત્યારે શિક્ષક જે શિક્ષકને નવી પેન્શન યોજનાની નજીવ રકમ પેન્શન રૂપે મળે છે. એ રકમ શિક્ષકના પરિવારને ગુજરાન ચલાવવાનું ખુબજ અઘરૂ પડે છે. તેવી તેમાં નોંધ થાય હતી આ બાબતે જુની પેન્શન યોજના ચાલુ કરવા વિવિધ સ્તરે આંદોલનના કાર્યક્રમ પણ ચાલી રહીયા છે. ત્યારે દાહોદમાં પણ હાલ તાલુકા પ્રાથમિકસંઘ દ્વારા હસમુખભાઈ ના નેજા હેઠળ દાહોદ માં ધારાસભ્ય વજેસિંહભાઈ પણદાને આવેદનપત્ર આપવા આવ્યું હતું.

# દાહોદ ST કર્મચારીઓ દ્વારા વિવિધ માંગણીઓને કાળીપટ્ટી ધારણ કરી વિરોધ વ્યકત કર્યો

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ એસ.ટી. ડેપો ખાતે એસ.ટી.ના કર્મચારીઓએ પોતાની વિવિધ માંગણી સંદર્ભે કાળી પટ્ટી ધારણ કરી સરકારના વિરોધમાં ઉતર્યાં હતાં. લાંબા સમયથી સ્થગિત એસ.ટી. વિભાગના કર્મચારીઓને માંગણી ન સંતોષાતા આ કર્મચારીઓએ વિરોધ દર્શાવ્યો હતો અને ટુંક સમયમાં પોતાની માંગણી નહીં સંતોષાય તો આગામી દિવસોમાં ગાંધી ચિન્ધ્યા માર્ગે જવાની ચીમકી પણ એસ.ટી. વિભાગના કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી હતી.

દાહોદ શહેર એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતાં ડ્રાઈવરો, કંડકટરો સહિત અને કર્મચારીઓ દાહોદ બસ સ્ટેશન ખાતે એકઠા થયાં હતાં જ્યાં હાથમાં કાળી પટ્ટી ધારણ કરી પોતાની વિવિધ માંગણી સંદર્ભે ભારે વિરોધ દર્શાવ્યો હતો અને સુત્રોચ્ચારો પણ પોકાર્યાં હતાં. એસ.ટી. વિભાગના કર્મચારીઓના પાસેથી જાણવા મળ્યાં અનુસાર, પોતાની વિવિધ પડતર માંગણીઓ જેવી કે, ડ્રાઈવર, કંડકટરના સાતમા પેની અંદર જે વિસંગતતાઓ છે તે દુર કરવામાં આવે અને ગ્રે પેડમાં સુધારા કરવા, મોંઘવારી ભથ્થું જે રાજ્ય સરકાર દ્વારા અન્ય કર્મચારીઓને ફાળવણી કરીને એસ.ટી. વિભાગના કર્મચારીઓ સાથે અન્યાય કર્યો હોવાનું જણાવ્યું હતું. કર્મચારીઓને એરીયર્સ મળે, ૧૬ ટકા ડેએની મુખ્ય માંગણીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ડ્રાઈવર, કંડક્ટરોને સુવિધા બાબતની પણ વિવિધ માંગણીઓ છે. ભરતી અંગેની પણ માંગણીનો સમાવેશ છે. આમ, વિવિધ ૧૮ જેટલી માંગણીઓ એસ.ટી. વિભાગના કર્મચારીઓને છે જે આજદિન સુધી સરકાર દ્વારા પુરી ન કરાતાં દાહોદના એસ.ટી. વિભાગના કર્મચારીઓ દ્વારા દાહોદ બસ સ્ટેશન ખાતે વિરોધ પ્રદર્શન કરી રજુઆત કરી હતી જો માંગણીઓ પુરી કરવામાં નહીં આવે તો આગામી તારીખ ૦૮.૧૦.૨૦૨૧થી એસ.ટી.ના તમામ પૈંડા થંભી જશે તેવી પણ ચીમકી ઉચ્ચારી હતી.

## હું રાજકારણમાં છુ ક્યાંય ગોઠવણ કરતો નથી : નીતિન પટેલ

ગાંધીનગર,

નીતિન પટેલના રાજીનામા બાદ સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની અફવાઓ પણ ચાલી હતી, જેમા કહેવામાં આવતુ હતુ કે તેઓ ભાજપમાં સામેલ થશે કોઈ કહેતુ હતુ કે તેઓ નવી પાર્ટી બનાવશે. જો કે, આ તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકતા તેમણે કહ્યું કે, હું રાજકારણમાં છુ ક્યાંય ગોઠવણ કરતો નથી. તેમણે કહ્યું કે, મેં તો બંધુ ભગવાનને સોંપી દીધુ છે. આ ઉપરાંત નિતિન પટેલે આકરા પ્રહાર કરતા કહ્યું કે, જ્યાં રામાયણ હોય ત્યા વિભિષણ અને મંથરા હોય જ. આપણા જિલ્લામાં પણ ઘણા લોકો ખુશ થયા હશે. સમગ્ર દેશમાં ગુજરાતમાં પ્રથમ વખત એવો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમાં ભાજપના નવા નિર્ણયના કારણે જૂના મંત્રીઓને કેબિનેટમાં સ્થાન નથી મળી શક્યું. આ નિર્ણયનો કેટલો ફાયદો થશે, તે ભવિષ્યમાં સામે આવશે. નવા મંત્રીઓ પાસે સવા વર્ષ જેટલો સમય જ બચ્યો છે, તેમની સામે અનેક પડકારો છે. નવા મંત્રીઓએ ટૂંક સમયમાં ઘણાં બધા કામ કરવાના છે. તેમણે કહ્યું કે, જો હું અત્યારે પણ મહેસાણાનો ધારાસભ્ય છુ. કડી અને મહેસાણા મારા જૂના અને નવા વિધાનસભા વિસ્તારના વિકાસના કામોને આગળ ધપાવવાનું છે. હું ૨૫ વર્ષથી ધારાસભ્ય છુ અને ૧૮ વર્ષ કરતાં વધુ સમયથી મંત્રી છું. ભાજપમાં અનેક પ્રકારની જવાબદારી મેં સંભાળી છે. આખા ગુજરાતમાં દરેક જ્ઞાતિ અને સમાજના પ્રશ્નો અને સમસ્યાના નિરાકરણ અને અમારી સરકારે કરેલી કામગીરી પ્રજા સુધી પહોંચાડવાનું કામ અમે કરી રહ્યાં છે. એટલે અમે મંત્રી નથી એ વાત સાચી, પરંતુ અમે પક્ષના કાર્યકર્તા તરીકે જે કામ સોંપવામાં આવશે તે કરીશું. રાજીનામા બાદ નીતિન પટેલ મહેસાણા પહોંચ્યા હતા. જ્યાં તેમનું ફટાકડા ફોડીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેસાણાના મતદારો વચ્ચે પહોંચેલા નીતિન પટેલે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, જે લોકો ભાજપમાં આવ્યા તે સત્તાનો લાભ લેવા માટે આવ્યા છે.

## સીંગવડના પિસોઈ ગામની ગર્ભવતિ મહિલાને રેફરલ હોસ્પિટલમાંથી સારવાર માટે વડોદરા રિફર કરતા રસ્તામાં મોત

સીંગવડ,

સીંગવડ તાલુકાના પિસોઈ ગામની ગર્ભવતી મહિલાને રેફરલ હોસ્પિટલમાં સારવાર ન મળતા વધુ સારવાર માટે બરોડા ખસેડતા રસ્તામાં મોત થયુ હતુ. પિસોઈ ગામના દશરથભાઈ સંગાડાના પત્નિ અસ્મિતાબે ગર્ભવતિ થતાં અશક્તિને કારણે ચકકર આવતા પડી ગયા હતા. જેથી લઈને નજીકના પ્રસુતિ માટે સવારે રેફરલ હોસ્પિટલ સીંગવડ અને ત્યારબાદ ઝાયડસ હોસ્પિટલ દાહોદ રિફર કરાયો હતો. જયારે દાહોદથી પણ પ્રસુતિ માટે વડોદરા ખાતે રિફર કરવાની ફરજ પડી હતી. તે દરમિયાન વેજલપુર નજીક અસ્મિતાબેનનુ મોત થયુ હતુ. અસ્મિતાબેનના મૃત્યુના સમાચાર પરિવારે ખબર પડતા આક્રોશ સાથે જણાવ્યુ હતુ કે, પ્રાથમિક સારવાર મળી હોત તો અસ્મિતાબેન આજે બચી ગયા હોત. પરિવારને ફરિયાદ માટે વહીવટીતંત્ર એકબીજાને ખો આપતા હોય આક્રોશ જોવા મળ્યો હતો. છેવટે બીજા દિવસે રણધિકપુર પોલીસે ફરિયાદ લીધી હતી. સીંગવડની રેફરલ હોસ્પિટલ અધિક્ષક ડો.સૈનિકના જણાવ્યાનુસાર રેફરલ હોસ્પિટલ ખાતે ગાયનેક ડોકટર ન હોવાના કારણે આ કેસને દાહોદ ખાતે રિફર કરવાની ફરજ પડી હતી.

## ધાનપુરના સજોઈ પંચાયત સરપંચને ત્રણ બાળકો હોવાથી સરપંચ પદેથી દુર કરવા રજુઆત

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સજોઈ પંચાયતના મહિલા સરપંચને પંચાયત એકટ મુજબ બે થી વધુ બાળકો ધરાવતા હોવાથી તેઓને સરપંચ પદેથી દુર કરવા ગ્રામજનોએ દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી છે.

સંજોઈ ગામના ગ્રામજનોએ કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યાનુસાર ધાનપુર તાલુકાની સજોઈ પંચાયતની ચુંટણીમાં ચારેક વર્ષ પહેલા સરપંચ પદે સજોઈ ગામના શસીબેન ભારતભાઈ મોહનીયા ચુંટાઈ આવ્યા હતા. સજોઈના સરપંચ શશીબેન તથા તેમના પતિ ભરતભાઈ વરસિંગભાઈ મોહનીયાના દામપત્ય જીવનમાં સૌપ્રથમ પુત્રીએ જન્મ લીધો હતો. ત્યાર વધુમાં બે સંતાનોએ જન્મ લેતા તેમને હવે કુલ ત્રણ સંતાન હોવાને કારણે ગુજરાત પંચાયત એકટ મુજબ મહિલા સરપંચને તેમના સરપંચ પદેથી દુર કરવાની માંગણી કરાઈ છે.

## મુંબઈ-દિલ્હી રૂટ ઉપર ૧૬૦ કિ.મી.ને ઝડપે ટ્રેન દોડાવાશે : ગોધરા લીમખેડાનો વળાંક સીધો કરાશે

દાહોદ,

મુંબઈ–દિલ્હી રૂટ ઉપર ૧૬૦ કિમીની સ્પીડે ટ્રેનો દોડાવવાની તૈયારી પણ સ્પીડ પકડેલી જોવા મળી રહી છે. ટ્રેક મેન્ટેનન્સ બાદ હવે બ્રિજોને મજબુત કરાશે. રેલ્વે બ્રિજ નજીક જીઓ સેલ અને બ્લેકિટંગ કરીને ઢાળને કપાતુ રોકાશે. પુલને ટ્રેક બદલીને અત્યાધુનિક એચ–બીમ સ્લિપર લગાવાશે. ૧૩૮૧ કિમી લાંબા દિલ્હી–મુંબઈ રૂટમાં આવતા રતલામ મંડળના ગોધરા–નાગદા વચ્ચે ૧૮૯ કિમીમાં ૬૯ મહત્વપુર્ણ બ્રિજમાં આ પરીવર્તન કરશે. ટ્રેનોની સ્પીડને એક સરખી રાખવા માટે લીમખેડાથી દાહોદ વચ્ચે માથાના દુખાવા રૂપ કર્વને રિઅલાઈમેન્ટ કરીને મોડિફાઈ કરાશે. સિગ્નલ પ્રણાલીને એડવાન્સ ઈંટરલોકિંગથી આધુનિક બનાવાઈ રહી છે. રેલ્વેએ આ કામ ૨૦૨૪ સુધી કરવાનો ટાર્ગેટ લીધો છે. કામ ટેન્ડર માટે કરી દેવાયા છે.

## સંજેલીના કાવડાના મુવાડા ખાતે દાહોદ સાંસદના હસ્તે નવનિર્મિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું લોકાર્પણ



સંજેલી,

સંજેલી તાલુકાના લોકોને મળી નવી એક ભેટ બાળકોના શિક્ષણના વિકાસ અને ઉચ્ચતર પ્રગતિના પથ સોપાનો સર કરી શકે તે માટે સાંસદ જશવંતસિંહ ભાભોરના વરદ હસ્તે કાવડાના મુવાડા ખાતે તૈયાર થયેલ નવનિર્મિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ બાલિકા વિદ્યાલય નું બાળકોના હીત માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. અંતરિયાળ વિસ્તારમાં આવેલ કાવડાના મુવાડા ખાતે મહાનુભવોની ઉપસ્તીથીમાં ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેમાં બાળકોને સુવિધા યુક્ત સરળ રીતે કેળવી શકશે તેમજ સુવિધાઓથી ભરપૂર કસ્તુરબા ગાંધી વિદ્યાલય ભવન તૈયાર કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સાંસદ જશવંતસિંહસિંહ ભાભોર, દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, ધારાસભ્ય રમેશભાઈ કટારા, દાહોદ શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલભાઈ ડામોર દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલિયાર, જિલ્લા મંત્રી રૂચિતા રાજ, માનસિંગભાઈ ભાભોર, સંજેલી તાલુકા ભાજપા પ્રમુખ તાલુકાના હોદ્દેદારો, બાલિકા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના આચાર્ય સ્ટાફ સહિત બાળકો ગ્રામજનો ઉપસ્તીથ રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.24

